2012 International Year of Cooperatives

**GUJARAT URBAN CO-OPERATIVE BANKS FEDERATION**
Co-operative Banks Bhavan, Near Jaihind Press, Ashram Road, Mithakhali Under Bridge, Ahmedabad-380009.
Phone : 079-26589159, 26589179, Fax : 079-26584901 E-mail : gujfed@gmail.com, Web : www.gujfed.com

PROUDLY CO-OPERATIVE

જી.યુ.સી.બી.ફેડ/૪૦/૪૫૮ તા:૨૦-૦૮-૨૦૧૪

તમામ સભાસદ પ્રાથમિક શહેરી સહકારી બેન્કોના

ચેરમેન / ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર

મહાશય,

**"ગુજરાતની શહેરી સહકારી બેન્કો માટે "અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન" ની વ્યવસ્થા કરવા" સેન્ટર ફોર બેન્કીંગ રીસર્ચ, ડેવલપમેન્ટ અને એક્સેલન્સ (CBRDE) ની સ્થાપના**

આપણા ફેડરેશન દ્વારા અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશનની મહત્વપૂર્ણ અને અદ્વિતીય શરૂઆતની માહિતી આપતાં ખુશી અનુભવું છું. તા. ૭/૦૬/૨૦૧૪ ના રોજ ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે સેન્ટર ફોર બેન્કીંગ રીસર્ચ ડેવલપમેન્ટ એન્ડ એક્સેલન્સ (CBRDE) નું ઉદ્‌ઘાટન કર્યું અને દેશમાં ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું કે જેણે શહેરી સહકારી બેન્કીંગ ક્ષેત્ર માટે "અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન" રચ્યું.

CBRDE નો પ્રારંભ "સહકાર-સેતુ ૨૦૧૪" દરમ્યાન પ્રતિષ્ઠિત પદાધિકારીઓ જેવાં કે ગુજરાત વિધાનસભાના માનનીય સ્પીકરશ્રી વજુભાઈ વાળા, રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાનાં ડેપ્યુટી ગવર્નર શ્રી આર.ગાંધી, રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રી એન.એસ.વિશ્વનાથન, અને રાજ્ય તથા કેન્દ્ર સરકારનાં અધિકારીશ્રીઓ, શહેરી સહકારી બેન્કીંગ ક્ષેત્રના ૧૨૦૦ ડેલિગેશન અને મીડીયાના પ્રતિનિધીઓની હાજરી ખરેખર આપણાં સૌ માટે ગૌરવ લેવા જેવી બાબત હતી.

૨. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે, સહકારી બેન્કો અને ક્રેડીટ યુનિયન્સ (કે જે અમુક ભાગોમાં કહેવાય છે), નેટવર્કમાં ઓપરેટ કરે છે અને સેવાઓની વિસ્તૃત હારમાળા પૂરી પાડે છે, જેમાં ફંડ મેનેજમેન્ટ સર્વીસીસ, લાઈન્સ ઓફ ક્રેડિટ, એસેટ મેનેજમેન્ટ, પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટીમ ગેટવે, એટીએમ નેટવર્ક, ક્રેડિટ કાર્ડ, ઈન્વેસ્ટમેન્ટ, સીક્યુરીટીઝેશન, કેપીટલ

રેઈઝીંગ અને અન્ય નાણાંકીય સેવાઓ માટે ''અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન'' તરીકે કામ કરે છે અને સહકારી હિત સંબંધી નેટવર્ક પુરુ પાડે છે. આંતરરાષ્ટ્રીય અનુભવ જણાવે છે કે આવા ''અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન'' ની હયાતીએ સહકારી બેન્કો / ક્રેડીટ યુનિયન્સને સુદૃઢ, સંગીન અને કાર્યક્ષમ વાસ્તવિકતાઓ બનાવવા પ્રત્યે યોગદાન કર્યું છે.

૩. ઉપરના સંદર્ભમાં, એવું જણાયું હતું કે, કો-ઓપરેટીવ બોન્ડીંગ અને મ્યુચ્યુઅલ સપોર્ટ સીસ્ટીમના અમુક પધ્ધતિ આ ક્ષેત્રને મજબૂત અને શક્તિશાળી બનાવી શકે. આંતરરાષ્ટ્રીય માળખાની સંયુક્ત રીતે વિવિધ સફળતા જોતા, ખાસ કરીને યુરોપ અને અમેરિકામાં, ''અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન'' જરૂરી જણાયું જે તેમના સાધનો છે અને તેમની જરૂરિયાતો એકત્રિત કરીને, પરસ્પર આધાર મારફત સ્થિરતા આપીને પણ નાગરિક બેંકીંગ ક્ષેત્રને સહાય આપે.

૪. ભારતમાં નાગરિક બેંકીંગ ક્ષેત્ર માટે ''અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન'' ની ગોઠવણ કરવાની શક્યતાઓ માટે રીઝર્વ બેન્કે પહેલ હાથ ધરી છે અને તે વિગતોમાં સંકળાયેલી હકીકતો ત્રણ વર્કીંગ ગ્રુપોએ તપાસી છે. તેમના આધાર અને મળેલા મૂલ્યાંકન પર, રીઝર્વ બેન્કે NAFCUB ને લેખિત જણાવ્યું છે અને તેઓના સંબંધિત કાર્યક્ષેત્રમાં ''અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન''નું કામ કરવા રાજ્ય સ્તરના ફેડરેશનોને જણાવ્યું છે અને ફેડરેશનોને નીચેની કામગીરીઓ હાથ ધરવા જણાવવામાં આવ્યું છે.

૧. અર્બન બેંક મેમ્બરને મદદ કરવા – સેવાઓ આપવી જેમાં,
- એસેટ લાયાબીલીટી મેનેજમેન્ટ
- ફંડ્ઝ મેનેજમેન્ટ
- ઈન્વેસ્ટમેન્ટ બેન્કીંગ

૨. મેનેજમેન્ટ કન્સલ્ટન્સી સેવાઓ આપવા જેવી કે,
- બીઝનેસ સોલ્યુશન
- મેનપાવર પ્લાનીંગ

- સ્ટ્રેટેજીક પ્લાનીંગ
- ઓપરેશનલ પ્લાનીંગ
- પોલિસીસ અને પ્રોસીજર્સ તૈયાર કરવા વિ.

૩. ઈન્ફોરમેશન ટેકનોલોજી સંબંધિત સેવાઓ આપવા.

૪. કેપેસીટી બિલ્ડીંગ / ટ્રેઈનીંગમા સભ્યને મદદ કરવા.

૫. અન્ય કોઈ સેવાઓ કે જેની અર્બન બેંક સભ્યને જરૂરી હોય.

૫. મને જણાવતાં આનંદ થાય છે કે CBRDE, અંગે રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ સેવાઓની અપેક્ષા દર્શાવી છે તે પૂરી પાડવાની પ્રક્રિયા હવે શરૂ થઈ ચૂકી છે. અને હાલમાં, પ્રશિક્ષણ અને સામર્થ્ય વહિવટ (Capacity Building) ઉપર મુખ્ય એકાગ્રતા રાખવામાં આવી છે.

આ બાબતમાં, બેન્ક સ્ટાફના વિસ્તૃત Spectrum ને આવરી લેવાની બાબત ધ્યાનમાં રાખી ગુજરાતનાં મુખ્ય શહેરોમાં, "અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન" નાં નેજા હેઠળ "કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ બેન્કીંગ" (CAB), પુણે દ્વારા પ્રશિક્ષણ કાર્યક્રમો ક્ષેત્ર સીમા બહાર ચલાવવામાં આપણા સેન્ટરને સહાય આપી રહી છે. અમ્બ્રેલાની અન્ય પ્રવૃત્તિઓ આપણી કાર્યક્ષમતાઓ અને સાધનો પ્રમાણે સક્રિય રીતે વિકસાવવા કટિબદ્ધ છીએ. આવી કાર્યક્ષમ અને વ્યવસાયિક CBRDE તૈયાર કરવાના આ પ્રયાસ માટે હું તમામ સભાસદોને વિનંતી કરુ છું કે તેઓ સંપૂર્ણ ટેકો આપે, કે જે આપણાં પરસ્પર સહકારી હિત સંબંધી પ્રોત્સાહન આપવામાં મુખ્ય ભાગ ભજવશે અને સભ્ય બેન્કોની ઓપરેશનલ કાર્યક્ષમતા વધારશે. CBRDEની પ્રવૃત્તિઓ અને પ્રગતિ વિષે અમે તમને વખતોવખત જણાવતા રહીશું અને તેના કાર્યક્રમોમાં સક્રિય ભાગ લેવા તમને વારંવાર વિનંતી પણ કરીશું, જે વિદિત થાય.

શુભેચ્છા સહ,

જ્યોતીન્દ્ર મહેતા

(જ્યોતિન્દ્ર મહેતા)

ચેરમેન